# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- વિકાસ કામોની ગુણવત્તા જાળવવાની ટકોર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢમાં ૩૯૭ કરોડ રૂપિયાના ૯૧ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું.
- ભૂગર્ભ જળ ઊંચા લાવવા રાજ્ય સરકારે 150 કરોડની ભૂગર્ભ જળ રીચાર્જ યોજનાને મંજૂરી આપી
- કેન્દ્ર સરકારે છેલ્લા 3 વર્ષમાં વરસાદી પાણીના સંગ્રહ માટે ગુજરાતને 4 હજાર 369 કરોડ રૂપિયા ફાળવ્યા
- રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મુખ્ય માહિતી કમિશનર અને ત્રણ માહિતી કમિશનર્સને શપથ લેવડાવ્યા
- રાજ્યમાં વિશિષ્ઠ કામગીરી કરનાર 110 પોલીસ અધિકારી અને કર્મચારીઓ ડીજીપી એવોર્ડથી સન્માનિત કરાયાં

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM JUNAGADH LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે જૂનાગઢવાસીઓને ૩૯૭ કરોડ રૂપિયાના ૯૧ વિકાસ કાર્યોની ભેટ આપી હતી.. મુખ્યમંત્રીએ જૂનાગઢ શહેરના આ વિવિધ વિકાસ કાર્યોના ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા.

કૃષિ રાજ્ય મંત્રી અને જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજી પટેલે કહ્યુ કે, જૂનાગઢ શહેર વિસ્તારમાં સીસી રોડ, ડ્રેનેજ લાઇન, સ્વિમિંગ પુલ, જી આઇ એસ બેઇઝ મેચિંગ સહિતના વિવિધ વિકાસ કાર્યો ૩૯૭.૭૮ કરોડ રૂપિયાના ખર્ચે ઇ લોકાર્પણ અને ઇ ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે. શહેરી વિકાસના આ કાર્યો થકી રોજગારીનું સર્જન, કરવેરાની આવકમાં ઉમેરો, શહેરી અને આર્થિક વિકાસ થશે. રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી કરી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વિકાસના કામોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ખાસ ભાર મૂક્યો હતો. રાજ્ય કૃષિ મંત્રી અને જિલ્લા પ્રભારી રાઘવજી પટેલે જૂનાગઢનાં વિકાસને કારણે અનેક લોકો ને રોજગારી મળશે અને પ્રવાસન ક્ષેત્રને પણ વેગ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

.................

## BHUGARBH JAL RECHARGE YOJNA

ભુગર્ભ જળ વધુ ઊંચા લાવવાના હેતુથી રાજ્ય સરકારે 150 કરોડ રૂપિયાની ભુગર્ભ જળ રીચાર્જ યોજનાને મંજુરી આપી છે.

આ યોજના અંતર્ગત રાજ્યમાં બંધ તેમજ બિન ઉપયોગી અંદાજે ૧૦,૦૦૦ ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રીચાર્જ કરવામાં આવશે.

રાજ્યમાં ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવાથી વીજ વપરાશ ઘટવાની સાથે ખેડૂતોની આવકમાં પણ વધારો થશે

આ યોજના અંતર્ગત બંધ ટ્યુબવેલ- બોર રીચાર્જ માટે ૯૦ ટકા ફાળો-ખર્ચ રાજ્ય સરકાર આપશે જયારે ૧૦ ટકા ફાળો લોક ભાગીદારીથી આપવાનો રહેશે. સતત ઉંડા જતા ભૂજળમાં સુધારો કરીને વીજ વપરાશમાં ઘટાડો કરી શકાય તે માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

-----------------------

## JAL SANCHAY

કેન્દ્ર સરકારે જળશક્તિ અભિયાન હેઠળ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વરસાદી પાણીના સંગ્રહ માટે ગુજરાત રાજ્યને કુલ 4 હજાર 369 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

જળશક્તિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રાજભૂષણ ચૌધરીએ રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીના એક પ્રશ્નના જવાબમાં ગૃહમાં આ માહિતી આપી હતી.

તેમણે વધુમાં કહ્યું કે અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન હેઠળ ગુજરાત માટે જળાશયોના નવસર્જન માટે 651 કરોડ

રૂપિયાના ખર્ચે 188 પ્રોજેક્ટને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. જ્યારે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ, વોટરશેડ બનાવવા માટે કેન્દ્ર સરકારે છેલ્લા ત્રણેક વર્ષ ઉપરાંતના ગાળામાં ગુજરાત માટે કુલ 218 કરોડ રૂપિયા આપ્યા છે.

-------------

## DAMAN BJP BUDGET

કેન્દ્રીય નવીનીકરણ ઉર્જા મંત્રી શ્રીપાદ નાઇકે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે કેન્દ્ર સરકારનું આ વર્ષનું અંદાજપત્ર ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

બજેટને લઈને ભારતીય જનતા પાર્ટી દાદરાનગર હવેલી અને દમણ દીવ દ્વારા સિલવાસામાં પાર્ટીના મુખ્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે આ બજેટમાં તમામ વર્ગનું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ પરિષદમાં ભાજપ પ્રમુખ દીપેશ ટંડેલ દ્વારા દાદરાનગર હવેલી અને દમણ દીવના બજેટની માહિતી આપવામાં આવી હતી.

-----------------

## RAJYPAL SHAPATH

રાજભવનમાં આજે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર અને ત્રણ માહિતી કમિશનર્સનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્ય માહિતી આયોગના નવનિયુક્ત માહિતી કમિશનર્સને પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલે સૌપ્રથમ મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષચંદ્ર આર. સોનીને શપથ લેવડાવ્યા હતા અને તેમને શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ માહિતી આયોગના માહિતી કમિશનર પદ માટે સુબ્રહ્મણ્યમ ઐયર, મનોજ પટેલ અને નિખિલ ભટ્ટને શપથ લેવડાવ્યા હતા.

----------------

## WEATHER WATCH GROUP

રાહત કમિશનર આલોકકુમાર પાંડેના અધ્યક્ષસ્થાને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી સમયમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીઓ સાથે મુદ્દાવાર ચર્ચા કરવામાં આવી હતી.

IMDના અધિકારીશ્રી દ્વારા તા.૩૦ જુલાઇ થી ૦૫ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી રાજ્યમાં ભારે અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી બાબતે સમીક્ષા કરવામાં આવી હતી..રાહત કમિશનર દ્વારા રાજ્યમાં વરસાદના કારણે ઊભી થયેલ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને પશુપાલન, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કૃષિ, CWC, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત, જી.એમ.બી., શહેરી વિકાસ વિભાગ, સિંચાઈ, SSNNL, NDRF અને કોસ્ટ ગાર્ડ વગેરે વિભાગોના નોડલ અધિકારીઓ સાથે વરસાદની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી તેમજ કોઇપણ સ્થિતીને પહોંચી વળવા માટે તંત્રને સજ્જ રહેવા સૂચના આપી હતી.

------------------

# WEATHER FORECAST

રાજ્યમાં આવતીકાલે ઉત્તર તેમજ દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી છે.

ઉત્તર ગુજરાતનાં સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લામાં જ્યારે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા નગર હવેલીમાં, કચ્છમાં  તેમજ સૌરાષ્ટ્રનાં સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી સહિતના જિલ્લામાં કેટલાંક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. આ સ્થળોએ પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવના છે.

રાજ્યના જળાશયોમાં વરસાદને કારણે પાણીની આવક વધી રહી છે.

મહારાષ્ટ્રના પ્રકાશા ડેમનાં 8 દરવાજા ખોલાતા તાપીના ઉકાઇ ડેમમાં પાણીની ભરપૂર આવક થઇ રહી છે.. ડેમનું જળસ્તર 323.13 ફૂટ પર પહોંચ્યું છે. ડેમમાંથી 600 ક્યુસેક પાણી નહેરમાં છોડાઈ રહ્યું છે...ઉકાઈ ડેમનું રુલ લેવલ 333 ફૂટ જ્યારે ભયજનક સપાટી 345 ફૂટની છે.

મહીસાગરના કડાણા ડેમમાં 35 હજાર કયુસેક પાણી આવક થતાં ડેમની જળ સપાટીમાં એક ફૂટનો વધારો થયો છે. ડેમની જળ સપાટી હાલ 380 ફૂટે પહોંચી છે..

ઉત્તર ગુજરાતની જીવાદોરી સમાન મહેસાણાના ધરોઈ ડેમમાં પાણી ની  આવકને કારણે જળસપાટી 601.63 ફૂટ છે. ડેમમાં 231 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

ભાવનગરના  શિહોર તાલુકાના ટાણા, બેકરી, ગુંદાળા, સરકડીયા, લવરડા, વાવડી, રાજપરા, બોરડી, અગિયાળી, દેવગાણા, ગામોમાં મુશલધર વરસાદ વરસ્યો હતો

------------------

**Saputara sports complex – mulubhai**

પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ મેઘ મલ્હાર પર્વ-૨૦૨૪ ના ઉદ્ઘાટન બાદ સાપુતારા સ્થિત સ્પોર્ટ્સ સંકુલની મુલાકાત લીધી હતી . મંત્રીશ્રીએ ખેલાડીઓ સાથે સંવાદ કરી રમત વિષયક માહિતી મેળવી હતી ,તેમજ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા તીરંદાજી પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, સાપુતારાનું જિલ્લા રમત સંકુલ, ૧૫ એકરમાં બનાવવામાં આવ્યું છે. જેમાં, ૪૦૦ મીટર સિન્થેટીક એથ્લેટિક ટ્રેક, ૧૫૦ ખેલાડીઓની ક્ષમતા ધરાવતી ચાર માળની હોસ્ટેલ, ખો-ખો, કબડ્ડી અને વોલીબોલ માટે બે બે કોર્ટ સહિતની સુવિધાઓ ખેલાડીઓ માટે ઉપલબ્ધ છે.

-------------

## Megh malhar parv –pravasi

ગિરિમથક સાપુતારામાં  મેઘ મલ્હાર પર્વ-ચાલી રહ્યો છે. સાપુતારા સહિત સમગ્ર ડાંગ જિલ્લામાં વરસાદી માહોલમાં જામ્યો છે, રાજ્ય સહિત દેશભરમાંથી પ્રવાસીઓ  માટે આદિજાતિ સંસ્કૃતિની ઝાંખી, ગરબા, મેર તલવાર નૃત્ય અને સીદી ધમાલ નૃત્ય આકર્ષણના મુખ્ય કેન્દ્રો  બની રહ્યા છે. ઇન્દોરથી આવેલા  પ્રવાસી અસ્મિએ  આ શબ્દોમાં આનંદ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ-પ્રવાસી, અસ્મિ.)

ઉલ્લેખનીય છે કે, સાપુતારામા ૨૯ જુલાઇ થી ૨૮ ઓગસ્ટ સુધી એક મહિના સુધી મેઘ મલ્હાર પર્વ ઉજવાશે.

. . . . . . . . . . . . . . . .

# DGP AWARD

રાજ્યમાં વિશિષ્ઠ કામગીરી કરનાર 110 પોલીસ અધિકારી અને કર્મચારીઓને ગાંધીનગર કરાઈ પોલીસ એકેડેમી ખાતે ડીજીપી એવોર્ડથી સન્માનિત કરાયા છે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે રાજ્યભરમાં ઉત્તમ કામગીરી કરનારા પોલીસ અધિકારી કર્મચારીઓને ડીજીપી ડિસ્ક એવોર્ડ એનાયત કરાયા હતા.

નાગરિકોના વિશ્વાસ પર ખરા ઉતરવા શ્રી સહાયે ગુજરાત પોલીસને અનુરોધ કર્યો હતો.

(બાઇટ- વિકાસ સહાય, રાજ્ય પોલીસ વડા)

------------------